# ફીનટેક પલ્સ - ભાગ I

# વિશ્લેષણાત્મક સંપર્કો

## ઈક્વિફેક્સ

નીપા મોદી
રાષ્ટ્ર લીડર - કાર્યબળ
સોલ્યુશન્સ; ફીનટેક, વીમો
nipa.modi@equifax.com

કિરણ સમુદ્રલા
વી.પી. - એનાલિટિક્સ
kiran.samudrala@equifax.com

શ્રુતિ જોશી
AVP - એનાલિટિક્સ
shruti.joshi@equifax.com

રિચા સોનપટકી
ઈનોવેશન લીડ - ફીનટેક
richa.sonpatki@equifax.com

ખ્યાતિ ખજુરીયા
AM - એનાલિટિક્સ
khayati.khajuria@equifax.com

## સિડબી

કૈલાસ ચંદ્ર ભાનૂ
સીજીએમ- ERDAV
erdav@sidbi.in

રંગદાસ પ્રભાવતી
ડીજીએમ- ERDAV
erdav@sidbi.in

રમેશ કુમાર
AM-ERDAV
rameshk@sidbi.in

# અનુક્રમણિકા


પ્રસ્તાવના

કાર્યકારી સારાંશ

ભારતીય ફીનટેક સ્ટોરી

ફીનટેક ધિરાણ - વ્યક્તિગત લોન સેગમેન્ટ

ફીનટેક ધિરાણ - બધા લોન સેગમેન્ટ્સ

ભૌગોલિક ઝાંખી

ઉત્પાદન માહિતી

વસ્તી વિષયક વિહંગાવલોકન



**શ્રી મોહમ્મદ મુસ્તફા, IAS**
ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટર
ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેંક

જેમ જેમ સમય બદલાઈ રહ્યો છે, ધિરાણના ક્ષેત્રમાં  ડિજિટલ તકનીકનો ઉપયોગ નવા પરિમાણ નું સર્જન કરશે. જો કે, હાલમાં ફીનટેક ધિરાણ  પ્રારંભિક તબક્કે છે, ધિરાણનું ક્ષેત્ર  ડિજિટલ ચેનલોના વ્યાપક ઉપયોગ માટે સુયોજિત છે. સરકાર અને નિયમનકાર દ્વારા સુધારેલા ડિજિટલ નાણાકીય માળખાકીય સુવિધા માટેનું  દબાણ, ખાસ કરીને અસુરક્ષિત / અક્ષમ (unserved/underserved) સેગમેન્ટમાં ઋણ લેનારાઓ માટે નાણાકીય સમાવિષ્ટમાં ડિજિટલ ધિરાણને પ્રોત્સાહન આપશે. વધુમાં, કોવિડ રોગચાળા એ ડિજિટલ તકનીક નાં ઉપયોગ ને આગળ ધપાવ્યો છે અને ટેકનોલોજી સ્વીકાર ને  નવા  સ્વાભાવિક તરીકે સ્થાપિત કરી છે.

ધિરાણની સમયસર અને પુરતી પહોંચ માટે વિશિષ્ટ થવા માટે “ફીનટેક ધિરાણ” કેવી રીતે સિદ્ધ થઇ રહ્યું છે  તે માટે બીજા  ક્ષેત્ર ના નિર્માણ ની પહેલ તરીકે બેંક ઇક્વિફેક્સ સાથે “ફીનટેક પલ્સ” માટે ભાગીદારી કરી રહી છે. જેમ જેમ ફીનટેક લેંડિંગ સ્પેસ વધશે, આ અહેવાલ વધારાના પરિમાણો સાથે વધુ વ્યાપક બનશે અને હિસ્સેદારોને ફીનટેક ધિરાણ પર નીતિપૂર્ણ આંતરદૃષ્ટિ પ્રદાન કરવા એ પ્રકારના પ્રથમ અહેવાલ તરીકે સેવા આપશે.

બેંકો, એનબીએફસી જેવા પરંપરાગત ઋણ દાતાઓ અને ન્યૂ એજ ફીનટેકસ નો મિશ્રિત સમૂહ એમએસએમઇ ક્ષેત્રના  ક્રેડિટ પ્રવેશ માં સુધારો કરશે. આ ધીરનારાઓ વચ્ચે ની સુમેળ વ્યૂહરચના  એમએસએમઇ ધિરાણ ને વિકાસના આગલા સ્તર પર લઈ જઈ શકે છે.

મને આશા છે કે ધિરાણ ક્ષેત્રમાં અગ્રણીઓને નવજાત તબક્કાથી વૃદ્ધિ માટે ફીનટેક લેંડિંગ ક્ષેત્રના વિકાસને ટ્રેક કરવા માટે ફીનટેક પલ્સ સમર્થ હશે. આ પ્રયત્નો માટે ભાગીદારી કરવા માટે હું ઇક્વિફેક્સનો આભાર માનું છું.



**<u>શ્રી નાનૈયા કે એમ</u>**
મેનેજિંગ ડિરેક્ટર, ઇક્વિફેક્સ- ક્રેડિટ
ઇન્ફર્મેશન સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ અને
રાષ્ટ્ર અગ્રણી - ભારત અને એમઇએ, ઇક્વિફેક્સ

ભારતમાં ધિરાણ માર્કેટ પ્લેસ ખૂબ મોટા પ્રમાણમાં વિકસી રહ્યું છે, જેમાં  સ્કેલેબલ છતાં ટકાઉ વિકાસ માટે ડિજિટલ ચેનલો અને તકનીકીનો લાભ આપીને નવા સેગમેન્ટમાં સેવા આપવાના  માર્ગ તરફ ફીનટેક્સ દોરી રહ્યું છે. ફીનટેક્સ માટે જે હજી અલ્પ વિકસિત અથવા અવિકસિત છે તેવી મોટી વસતી સાથે ધિરાણ એ એક આકર્ષક વ્યવસાયિક પ્રસ્તાવ છે. અમે આ અવકાશમાં ખેલાડીઓની વધતી સંખ્યા અને વધતા જતા રોકાણો જોઈ રહ્યા છીએ. અમે અત્યંત હકારાત્મક છીએ કે આ ઉદ્યોગમાં ખાસ કરીને ફીનટેક્સ ગ્રામીણ, નવા ધિરાણ માટેના નવા ક્ષેત્ર અને ખૂબ જ મહત્ત્વના એમએસએમઇ ક્ષેત્ર જે  વિશાળ તકો પ્રસ્તુત કરે છે તે ઉદ્યોગ માં અમે પક્કડ રાખવાનું ચાલુ રાખીશું.

વલણો તથા ભૌગોલિક, વસ્તી વિષયક વિષયો, ઉત્પાદનો વગેરેમાં ધિરાણો જે વિવિધ તકો રજૂ કરે છે તે સમજવામાં ઉદ્યોગ ને મદદ કરવા માટે સિડબી સાથે ભાગીદારીમાં 'ફીનટેક પલ્સ' રજૂ કરતાં અમને ખૂબ આનંદ થાય છે, દેશ માં ફીનટેક એનબીએફસી સહિત ધિરાણ સંસ્થાઓ દ્વારા ઇક્વિફેક્સને પૂરા પાડવામાં આવેલા ડેટાના સમૃદ્ધ સ્રોતનો ઉપયોગ કરીને, આગળના માર્ગ પર પ્રકાશ ફેંકવા માટે આ રિપોર્ટ ઊંડી સમજ આપે છે.

અમે ફીનટેક ધિરાણના અવકાશના ટ્રેન્ડ અને વિકાસના મોનીટરીંગ માટે આશા રાખીએ છીએ અને મને ખાતરી છે કે ઇકોસિસ્ટમના સક્ષમ વ્યક્તિઓ અથવા ઉધોગના ખેલાડીઓ, નિયમનકારો, રોકાણકારો, સ્થાપકો તરીકે માર્ગદર્શન આપવા માટે ‘ફીનટેક પલ્સ’ તમને મૂલ્યવાન માહિતી પ્રદાન કરશે.

મને ખાતરી છે કે આ અહેવાલ વાંચીને તમને આનંદ થશે  અને તેની જાણકારી ખૂબ ઉપયોગી લાગશે.

# કાર્યકારી સારાંશ

સિડબી અને ઇક્વિફેક્સ દ્વારા 'ફીનટેક લેંડિંગ રિપોર્ટ' ભારતમાં ફીનટેકસ લેંડિંગની વર્તમાન ગતિશીલતાને સમજવામાં મદદ કરશે, જે ફીનટેકસમાં ડિજિટલ પેમેન્ટ પછી નું બીજા નંબરનું ક્ષેત્ર છે. આ અહેવાલ નો હેતુ મુખ્ય પરિમાણોના સંદર્ભમાં કામગીરી વગેરેના વિશ્લેષણાત્મક સમાવિષ્ટો ઉપરાંત ક્રેડિટ લેન્ડસ્કેપમાં આ તકનીકીઓના પ્રભાવ અને ઉદ્દભવતી ટેકનોલોજીઓ કેવી રીતે નાણાકીય ક્ષેત્રે વિક્ષેપ લાવી રહી છે તે પ્રગટ કરવાનો છે. આ અહેવાલ  અલ્પ વિકસિત અથવા અનામત ક્ષેત્રમાં સમયસર અને પર્યાપ્ત ક્રેડિટ પહોંચાડવા માટે ડિફરન્ટિએટર્સ તરીકે ઉભરી રહેલા ન્યુ એજ ફીનટેકસ ના  ઉર્ધ્વ માર્ગ પર ધ્યાન કેન્દ્રિત કરે છે; એનબીએફસી તથા પરંપરાગત બેંકો ની સામે  લેન્ડિંગ ફીનટેકસની સરખામણી પણ કરવામાં આવી છે. ન્યૂઝલેટરમાં ઉત્પાદનો, ભૌગોલિક અને જુદા જુદા વસ્તી વિષયક સેગમેન્ટમાં લેન્ડિંગ ફીનટેકસની કામગીરી શામેલ છે અને તે મુખ્ય વલણોનું વિશ્લેષણ કરે છે.

છેલ્લા એક વર્ષમાં ફીનટેકસ દ્વારા વિતરણમાં 100% કરતા વધારે વૃદ્ધિ હોવા છતાં પણ વિશાળ બજાર હજી અનામત છે. લેન્ડીંગ ફીનટેકસ ના ભવિષ્ય માટે આ એક સારી નિશાની છે. ઉત્પાદનો માં 66% જેટલા હિસ્સો ધરાવતી વ્યક્તિગત લોન ફીનટેકસના મોટાભાગના વિસ્તારોમાં સ્ટાર પ્રોડક્ટ રહી છે અને તે ફીનટેકસ માટે ધિરાણ વૃદ્ધિ ને ઇંધણ પૂરું પાડવાનું  ચાલુ રાખશે. અન્ય ઋણદાતાઓની તુલનામાં ફીનટેકસ માટે ત્રુટી દર ખરેખર વધારે છે, જે ક્રેડિટ સેગમેન્ટમાં સબપ્રાઇમ / પ્રાઇમ / નવા ને સેવા આપવાનું પરિણામ હોઈ શકે છે. તદનુસાર ફિનટેકસે ટકાઉ વ્યવસાય કરવા માટે મજબૂત ક્રેડિટ મોડેલ્સ અને વધારાના ડેટા સ્રોતો નો ઉપયોગ કરવા પર વિસ્તૃત ધ્યાન ચાલુ રાખવાની જરૂર છે. હજી પણ ભૌગોલિક દ્રષ્ટિએ મોટાભાગના ફીનટેકસ મૂળભૂત રીતે શહેરી વસ્તી ને સેવા આપે છે; જો કે, ઘણા ફીનટેકસ ડિજિટલ માધ્યમ દ્વારા અર્ધ શહેરી અને ગ્રામ્ય વસ્તી ને સેવા આપવાના માર્ગ નું અન્વેષણ કરી રહ્યા છે.
વર્તમાન અહેવાલ એ 39 એનબીએફસી-ફિનટેક્સ (ડિસેમ્બર 19 ના રોજ) નું વિશ્લેષણ છે જે ઇક્વિફેક્સમાં ડેટા સબમિટ કરે છે. આ અહેવાલ દ્વારા અમે ફીનટેક ધિરાણના અવકાશમાં ફીનટેક વૃદ્ધિ, પ્રાદેશિક ઉપસ્થિતિ અને આઉટરીચ,બોરોઅર પ્રોફાઇલ, જોખમનું

રૂપરેખાંકન અને વૃદ્ધિના વલણો પરના મુખ્ય પ્રશ્નો અને પૂર્વધારણાના જવાબ આપવાનું લક્ષ્ય રાખીએ છીએ.

## ઈન્ડીયા ફીનટેક ગાથા

>> છેલ્લા પાંચ વર્ષથી ભારતમાં ફીનટેક ઉદ્યોગ ફૂદકે અને ભૂસકે વિકસ્યો છે જે ભારત ને વિશ્વનું બીજું સૌથી મોટું ફીનટેક હબ (ફક્ત યુ.એસ. થી પાછળ છે) બનાવે છે.(1)

>> ભારતીય ફીનટેક માર્કેટમાં એકંદર વ્યવહારનું મૂલ્ય 2019 માં આશરે $65 અબજ ડોલરથી બેહદ વધીને 2023 માં $140 અબજ સુધી પહોંચવાનો અંદાજ છે.(2)

>> ફીનટેક રોકાણો 2018 માં $1.9 અબજ ડોલરથી લગભગ બમણાં થઈને 2019 માં $3.7 અબજ થઈ ગયા છે, જેમાં 2019 માં 198 સોદા દ્વારા મોટા ભાગના ભંડોળનું ધિરાણ ચૂકવણીમાં અને ત્યાર બાદ ધિરાણ, InsurTech અને WealthTech માં છે.(3)

*સ્રોત: (1) ઇન્ડિયા ફીનટેક રિપોર્ટ-2019, (2) ઇન્વેસ્ટ ઇન્ડીયા એનાલીસીસ (3) એક્સ્પેન્ચર સ્ટડી*

## ઈન્ડીયા ફીનટેક ધિરાણ

>> એમએસએમઇ અને ગ્રાહક અવકાશ બંને માં ધિરાણ માટે એક વિશાળ તક છે. એક અંદાજ મુજબ ભારતમાં 2023 સુધીમાં $1 ટ્રિલિયન ડોલરથી વધુની રિટેલ લોન ડિજિટલી વિતરિત થઈ શકે છે.(4)

>> મોટાભાગના આ ફીનટેક પરંપરાગત અને વૈકલ્પિક ડેટાનો ઉપયોગ કરીને વ્યક્તિગત લોન, ઉપભોક્તા લોન અને વ્યવસાયિક લોન પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

>> ધિરાણ આપનારા ફીનટેકના પ્રકારોમાં શામેલ છે -

- બજારમાં સ્થાન એકત્રિત કરનારાઓ અને પિયર ટુ પિયર ધિરાણ કરનાર
- ડાઈરેક્ટ એનબીએફસી ધીરનાર
- સમુદાય (Crowd) ભંડોળ આપતી કંપનીઓ
- સક્ષમ - નિયમનકારી ટેક કંપનીઓ, ધિરાણકર્તાઓ અને વૈકલ્પિક સ્કોરિંગ અને ડેટા કંપનીઓ ને સામર્થ્ય આપતી સક્ષમ તકનીક કંપનીઓ

*સ્રોત: બીસીજી સ્ટડી ઓન લેન્ડીંગ-2019*

## ફીનટેક્સની વૃદ્ધિ તરફ દોરી રહેલા પરિબળો

>> ડિજિટલ ઈન્ડિયા, ઇન્ડિયા સ્ટેક, જન ધન યોજના, સ્ટાર્ટઅપ જેવી શરૂ થયેલ વિવિધ પહેલો એ ફીનટેકસ માટે અનુકૂળ વાતાવરણ બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

>> સહાયક નિયમનકારી સંસ્થાઓ - નવા વિડિઓ કેવાયસી ધોરણ, પિયર ટુ પિયર ધિરાણ માટે નિયમનકારી માળખા ગોઠવવા, નિયમનકારી સેન્ડબોક્સ સુયોજિત કરવા એ બધી સકારાત્મક પહેલ છે. વધુમાં, ધિરાણના અવકાશમાં વધારે કંપનીઓને એનબીએફસી લાઇસન્સ લેવા માટે પ્રોત્સાહિત કરી છે.

>> અન્ય પરિબળોમાં શામેલ છે વિકસતી ગ્રાહક વસ્તી વિષયવસ્તુ, ઇન્ટરનેટ પ્રવેશ અને મજબૂત ફંડીંગ પ્રવૃત્તિ.

## ફીનટેક ધિરાણકાર માટે ભાવિ માર્ગ

>> જેમ જેમ ધિરાણ ક્ષેત્રમાં વધુ ને વધુ ખેલાડીઓ દાખલ થશે, ભારતમાં ફીનટેક ધિરાણ વધવાનું ચાલુ રહેશે. વિદેશી ખેલાડીઓ અને ઇ-કોમર્સ, ગ્રાહક કંપનીઓ વગેરે જેવા બિન-પરંપરાગત ક્ષેત્રો નાં ખેલાડીઓ માલિકીની માહિતીથી સજ્જ ધિરાણ ઇકોસિસ્ટમમાં પ્રવેશ કરી રહ્યા છે.

>> આ ઉપરાંત વિશાલ ગ્રાહક ડેટા સાથે બિન પરંપરાગત ખેલાડીઓ, એનબીએફસી, બેંકો, અને ડેટા પ્રદાતાઓ સહિત ઇકોસિસ્ટમના વિવિધ ખેલાડીઓ વચ્ચેનો સહયોગ નવા ઉત્પાદનો લાવવામાં તથા નવા સેગમેન્ટોને લક્ષ્યાંકિત કરવામાં નવીનતા તરફ દોરી જશે.


>> જ્યારે નવીનતાએ ડિજિટલ ધિરાણ ઉદ્યોગ ના  વિકાસ માં ખૂબજ વધારો કર્યો છે ત્યારે જેમ જેમ ધિરાણકર્તા ઓ તેમનો આક્રમક વિકાસ ચાલુ રાખે છે, ગોપનીયતા ધોરણો અને નિયમનકારી આવશ્યકતાઓ નું સખત પાલન કરવાની જરૂર છે.

EQUIFAX

# ફીનટેક લેંડિંગ –
# વ્યક્તિગત લોન સેગમેન્ટ




# વ્યક્તિગત લોન ઇન્ડસ્ટ્રી સ્નેપશોટ
# 31 ડિસેમ્બર 2019 ના રોજ




| Personal loan Snapshot as of Dec'19 | Fintech | NBFC | PSU Bank | Pvt. Bank | ROI | Total Industry |
|---|---|---|---|---|---|---|
| Active Loans ('000) | 2,313 | 10,375 | 9,292 | 8,237 | 1,223 | 31,440 |
| Portfolio ` crore | 3,620 | 83,657 | 193,614 | 199,075 | 24,674 | 504,640 |
| Disbursed Amount ` crore - OND'19 | 2,061 | 11,787 | 32,287 | 39,622 | 1,671 | 87,428 |
| 90+ Delinquency | 6.15% | 1.17% | 0.38% | 0.55% | 2.26% | 0.71% |

>> જોકે સક્રિય ખાતાઓની દ્રષ્ટિએ ફીનટેકસનો હાલનો બજાર હિસ્સો 7.35% અને પી.ઓ.એસ.ની દ્રષ્ટિએ 0.71% છે, તેમ છતાં તેઓ પરંપરાગત ઋણદાતાઓના સ્પેક્ટ્રમની બહારના ગ્રાહકોને કેટરિંગ કરી નાની ટિકિટ સાઈઝ અને કાર્યકાળ સાથે તેમના માટે એક અલગ બજાર બનાવશે.

# વ્યક્તિગત લોન વિતરણ વલણો





Disbursed no of loans ('000)

| Lender Category | OND'18 | JFM'19 | AMJ'19 | JAS'19 | OND'19 |
|---|---|---|---|---|---|
| Fintech | 863 | 1,522 | 1,946 | 2,668 | 3,043 |
| NBFC | 1,299 | 1,833 | 2,563 | 2,723 | 1,327 |
| PSU Bank | 765 | 892 | 682 | 769 | 867 |
| Pvt. Bank | 803 | 815 | 843 | 1,064 | 1,326 |
| ROI | 72 | 77 | 70 | 73 | 46 |
| Industry Total | 3,802 | 5,139 | 6,104 | 7,297 | 6,609 |

>> 22% ના એકંદર ઉદ્યોગ વિકાસ દરની તુલનામાં છેલ્લા 1 વર્ષમાં ફીનટેક વિતરણ (મૂલ્ય દ્વારા) 110% કરતા વધારે વધ્યું છે.

>> ફીનટેક દ્વારા વિતરણમાં આ વધારો ગ્રાહકો દ્વારા ડિજિટલ ધિરાણ પ્લેટફોર્મ અપનાવવા ને લીધે તથા નવીન ધિરાણ મૂલ્યાંકન મોડેલ્સ નો ઉપયોગ કરીને નવા ગ્રાહક ક્ષેત્રમાં પદાર્પણ ને આભારી હોઈ શકે છે.

# વ્યક્તિગત લોન
# પોર્ટોફોલિયો આઉટસ્ટેન્ડિંગ વલણો





Portfolio Outstanding by no. of loans (‘000)

| Lender Category | Dec'18 | Mar'19 | Jun'19 | Sep'19 | Dec'19 | Y-o-Y Growth Rate % |
|---|---|---|---|---|---|---|
| Fintech | 285 | 401 | 701 | 680 | 2,313 | 712% |
| NBFC | 4,671 | 6,114 | 7,735 | 9,402 | 10,375 | 122% |
| PSU Bank | 8,433 | 8,839 | 8,658 | 8,838 | 9,292 | 10% |
| Pvt. Bank | 6,377 | 6,615 | 6,944 | 7,363 | 8,237 | 29% |
| ROI | 870 | 942 | 1,151 | 1,185 | 1,223 | 41% |
| Total Industry | 20,636 | 22,911 | 25,189 | 27,468 | 31,440 | 52% |
| Q-o-Q growth rate % | - | 11% | 10% | 9% | 14% | 7,297 |

>> ફીનટેકસના બાકી રહેલા પોર્ટફોલિયોમાં મૂલ્ય દ્વારા પાછલા વર્ષ કરતાં 400% થી વધુ વૃદ્ધિ થઇ છે -અન્ય ઉદ્યોગ ખેલાડીઓની તુલનામાં સૌથી વધુ વૃદ્ધિ દર.

# વ્યક્તિગત લોન રિસ્ક પ્રોફાઈલ





>> ફીનટેક્સ સિવાય તમામ કેટેગરીમાં ડીલીન્કવંસી વલણો સતત રહ્યા જે આંશિકરૂપે ફીનટેકસની જોખમની મનોવૃત્તિને કારણે હોઈ શકે છે. જોકે ફીનટેકસે ડિફોલ્ટને ઘટાડવા માટે મજબૂત આગાહી કરનારા અન્ડરરાઇટિંગ મોડેલ્સ બનાવવા ડિજિટલ એપ્લિકેશનમાં પણ વધેલી ચકાસણી માટે તકનીકી દ્વારા નવીન સાધનો શોધવા માટે અને લોન્સ અન્ડરરાઇટ  કરવા નવા ડેટા સ્રોતો સાથે પ્રયોગ કરવાનું ચાલુ રાખ્યું છે.

Delinquencies calculated basis POS

# ફીનટેક લેંડિંગ - બધા લોન સેગમેન્ટ્સ



# ફીનટેક -ઝાંખી
# 31 ડિસેમ્બર 2019 ના રોજ





| Fintech Snapshot as of Dec'19 | Business Loan – General | Consumer Loan | Personal Loan | Rest of the products | All Products |
|---|---|---|---|---|---|
| Active Loans ('000) | 115 | 619 | 2,313 | 502 | 3,549 |
| Portfolio Outstanding (` crore) | 6,047 | 625 | 3,620 | 4,723 | 15,015 |
| Disbursed Amount (` crore) - OND'19 | 603 | 13 | 2,061 | 721 | 3,398 |
| Average Ticket Size (`) | 623,267 | 20,603 | 6,780 | 59,833 | - |

>> પર્સનલ લોન એ ફીનટેકસ દ્વારા વિતરણ કરવામાં આવતી સૌથી વધુ પ્રિય શ્રેણી છે. ઊંચું કદ તથા ઓછી ટિકેટ સાઈઝ દ્વારા સંચાલિત પર્સનલ લોન ફીનટેક પોર્ટફોલિયોના વિકાસને ઇંધણ પૂરું પાડે છે. તે ઓછી ખરીદી માટે ફીનટેકસ દ્વારા ઓફર થતી નાની ક્રેડિટ લાઇન / લોન ને આભારી છે. ઉદાહરણ તરીકે ફીનટેક નવા ગ્રાહકોને એપ્લિકેશન આધારિત ક્રેડિટ પ્રદાન કરવા ઉપરાંત મોબાઇલ રિચાર્જ અને નાના ગ્રાહક ડ્યુરેબલની ખરીદી માટે પણ લોન પ્રદાન કરે છે.

# ફીનટેક ગ્રાહકો માટે નવિન


New to Fintech credit customer rates (%)




- ત્રિમાસિક ધોરણે આ ઉદ્યોગમાં  નવિન આશરે સરેરાશ 27% - 33% ફીનટેક ક્રેડિટ ગ્રાહકો આવે છે..

Delinquencies calculated basis POS

# ફીનટેક ત્રિમાસિક ગ્રોથ





## ટોચના ફીનટેક પ્રોડક્ટ્સ (પીઓએસ) નો ત્રિમાસિક માર્કેટ હિસ્સો)

| Top Products ( ` crore) | Dec'18 | Mar'19 | Jun'19 | Sep'19 | Dec'19 | Y-o-Y Growth Rate % |
|---|---|---|---|---|---|---|
| Business Loan - General | 3,485 | 4,214 | 5,183 | 5,450 | 6,047 | 74% |
| Personal Loan | 707 | 1,024 | 1,930 | 1,962 | 3,620 | 412% |
| Rest of the products | 3,610 | 3,805 | 3,633 | 4,134 | 5,348 | 48% |
| All Products | 7,802 | 9,043 | 10,746 | 11,546 | 15,015 | 92% |
| Q-o-Q growth rate % | - | 16% | 19% | 7% | 30% | - |

>> જ્યારે ફીનટેકસ માટે વ્યક્તિગત લોન્સમાં ઘાતાન્કીય (exponenial) વૃદ્ધિ જોવા મળી છે, બિઝનેસ લોન જેવી અન્ય લોન અને અન્ય ઉત્પાદનોમાં પણ અનુક્રમે 74% અને 48% ની તંદુરસ્ત વૃદ્ધિ જોવા મળી છે.

# ફીનટેક વિતરણ વલણો

## ટોચના ફીનટેક પ્રોડક્ટ્સનો ત્રિમાસિક બજાર હિસ્સો (લોનની સંખ્યા)




ત્રિમાસિક સોર્સિંગ હિસ્સો અને ટોચના ફીનટેક પ્રોડક્ટ્સના એટીએસ

| Top Products (Disbursed Amount) (` crore) | OND'18 | JFM'19 | AMJ'19 | JAS'19 | OND'19 |
|---|---|---|---|---|---|
| Business Loan- General | 1,239 | 1,522 | 1,350 | 1,305 | 602 |
| Personal Loan | 980 | 1,673 | 2,103 | 2,328 | 2,062 |
| Rest of the products | 918 | 1,204 | 2,758 | 1,964 | 734 |

| Top Products (ATS, ` ) | OND'18 | JFM'19 | AMJ'19 | JAS'19 | OND'19 |
|---|---|---|---|---|---|
| Business Loan- General | 800,741 | 740,561 | 682,229 | 572,922 | 623,267 |
| Consumer Loan | 41,246 | 46,100 | 115,482 | 123,630 | 20,603 |
| Personal Loan | 11,356 | 10,993 | 10,806 | 8,723 | 6,780 |
| Rest of the products | 144,427 | 250,379 | 73,127 | 69,369 | 59,833 |

>> વાય-ઓ-વાય ધોરણે વ્યવસાયિક લોનનું વિતરણ ઘટ્યું છે જ્યારે પર્સનલ લોન જેવા અન્ય ઉત્પાદનો માં વધારો જોવા મળ્યો છે.

>> વાય-ઓ-વાય આધારે વ્યક્તિગત લોન ઉત્પાદનોમાં વિતરણ વૃદ્ધિમાં સૌથી વધુ ઉછાળો હતો.

>> તમામ ઉત્પાદનોમાં વાય-ઓ-વાય ધોરણે સરેરાશ ટિકિટના કદમાં ઘટાડો થયો હતો કારણ કે નવા ગ્રાહક સેગમેન્ટમાં નીચી ટિકિટ કદની લોનને લક્ષ્ય બનાવવાનું ફિનટેક્સ ચાલુ રાખે છે. .


*લોનની સંખ્યા દ્વારા ટોચના ઉત્પાદનો: ગ્રાહક લોન અને વ્યક્તિગત લોન;*
*પીઓએસ દ્વારા ટોચના ઉત્પાદનો: વ્યવસાયિક લોન અને વ્યક્તિગત લોન*

EQUIFAX

# ભૌગોલિક ઝાંખી



# વિસ્તારો દ્વારા ફીનટેકની પહોંચ





<< ભારતમાં શહેરી અને અર્ધ શહેરી ગ્રાહકો ને ધિરાણ પર ફીનટેકસ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. ગયા વર્ષે થયેલ કુલ લોન વિતરણમાં ગ્રામીણ વસ્તીનો હિસ્સો 11% છે.

>> ડિજિટલ તકનીક અપનાવવામાં વૃદ્ધિ તેમને ગ્રામીણ વિસ્તારોમાં વધુ પ્રવેશ કરવામાં મદદ કરશે કારણ કે મોટાભાગના ફીનટેક ડિજિટલ તેમના નિર્ણય ઉપકરણ ચલાવવા માટે ડિજિટલ ડેટાનો ઉપયોગ કરે છે. ઝડપ થી ઘટી રહેલ ડેટા તથા સ્માર્ટફોન ખર્ચ અને નાણાકીય સમાવેશ તરફ સરકારની પહેલ ને લીધે ફીનટેકસના વિકાસ માટે ગ્રામીણ ક્ષેત્ર વિશાળ તક આપશે.

** સોર્સિંગ પીરિયડ: Octoberક્ટોબર 2018 - ડિસેમ્બર 2019*

# સ્ટેટ પ્રમાણે ફીનટેક એક્સપોઝર




આ નકશો માત્ર એક સામાન્ય દૃષ્ટાંત છે અને તેનો હેતુ સંદર્ભ હેતુ માટે વાપરવાનો નથી.

નોંધ: આ ગ્રાફ ફક્ત દૃષ્ટાંત હેતુ માટે છે અને 31 ડિસેમ્બર 2019 ના રોજ સભ્યો દ્વારા પ્રસ્તુત કરેલા ડેટા / માહિતીના આધારે રજૂ કરવામાં આવેલ છે

> જ્યારે ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને ફીનટેક્સ ભારતભરના ગ્રાહકોને સગવડ આપવામાં સક્ષમ છે, દેશની અંદર ભિન્નતા છે; દેશમાં ટોચનાં 4 રાજ્યો લાઈવ લોન માં ~ 50% ફાળો આપે છે.


> ચોક્કસપણે મોટી અપરિચિત સંભાવના છે કારણ કે ફીનટેક્સ તેમની પહોંચ નવા વિસ્તારો માં વિસ્તૃત કરે છે ખાસ કરીને અર્ધ શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં


> ફીનટેક અપનાવવાનો દર દક્ષિણના રાજ્યોમાં સૌથી વધુ જોવા મળ્યો છે (લોન ખાતા> 2lakh)

# ઉત્પાદન ઝાંખી



# ઉત્પાદનો દ્વારા ભૌગોલિક એક્સપોઝર




>> તમામ ઉત્પાદનો અને ભૌગોલિક સ્થાનો માં ગ્રાહકો દ્વારા વ્યક્તિગત લોન નો સૌથી મોટો ઉપાડ છે.

>> ગ્રામીણ બજારમાં વ્યાપાર લોન ઓછામાં ઓછી ઘૂંસપેંઠ ધરાવે છે જે ગ્રામીણ ગ્રાહકોમાં જાગરૂકતાનો અભાવ તથા ગ્રામીણ ગ્રાહકો માટે લોન પ્રોડક્ટ માટે ડેટા આધારિત વ્યવસાય દરખાસ્તના અભાવને કારણે કારણભૂત હોઈ શકે છે.

>> ફીનટેકસ દ્વારા વ્યક્તિગત લોનનું વિતરણ અનેક ગણું વધ્યું છે - આ વધારો ઉચ્ચ તકનીકી તથા ડિજિટલ પ્લેટફોર્મ્સ નો લાભ લઈને ફીનટેકસ દ્વારા અપનાવવામાં આવેલ ઓછી કિંમતના મોડેલ, એઆઈ / એમએલ, અને સક્ષમ નિર્ણય નિર્માણ કરવા અન્ય અદ્યતન ડેટા એનાલિસીસ ને આભારી છે

* સોર્સિંગ પીરિયડ: ઓક્ટોબર 2018 - ડિસેમ્બર 2019

# ફીનટેક એક્સપોઝર વલણો – ભૂગોળ અને ટોચનાં ઉત્પાદનો

## પીઓએસ દ્વારા એક્સપોઝર

| Category | Top Products | Dec'18 | Mar'19 | Jun'19 | Sep'19 | Dec'19 |
|---|---|---|---|---|---|---|
| Rural | Business Loan–General | 73% | 76% | 65% | 56% | 53% |
| | Others | 23% | 16% | 16% | 20% | 19% |
| | Personal Loan | 4% | 8% | 19% | 24% | 28% |
| | **Rural Total** | 100% | 100% | 100% | 100% | 100% |
| Semi Urban | Business Loan–General | 67% | 63% | 57% | 55% | 50% |
| | Others | 25% | 23% | 22% | 20% | 22% |
| | Personal Loan | 8% | 14% | 21% | 25% | 28% |
| | **Semi Urban Total** | 100% | 100% | 100% | 100% | 100% |
| Urban | Business Loan–General | 66% | 57% | 55% | 55% | 48% |
| | Others | 25% | 24% | 24% | 20% | 21% |
| | Personal Loan | 9% | 19% | 21% | 25% | 31% |
| | **Urban Total** | 100% | 100% | 100% | 100% | 100% |

>> 2019 નાં ક્યૂ-4 માં બાકી રહેલા પોર્ટફોલિયોના સંદર્ભમાં વ્યક્તિગત લોન નો ફાળો બીજા ક્રમે સૌથી મોટો હિસ્સો  છે જેમાં અર્ધ શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં 28% તથા શહેરી વિસ્તારોમાં 31% હિસ્સો છે.

# ફીનટેક એક્સપોઝર ટ્રેન્ડ્સ - ભૂગોળ અને ટોચનાં ઉત્પાદનો

## લોન્સની સંખ્યા દ્વારા એક્સપોઝર

| Category | Top Products | Dec'18 | Mar'19 | Jun'19 | Sep'19 | Dec'19 |
|---|---|---|---|---|---|---|
| Rural | Consumer Loan | 41% | 39% | 14% | 13% | 4% |
| | Others | 25% | 14% | 12% | 11% | 11% |
| | Personal Loan | 34% | 47% | 74% | 76% | 85% |
| | **Rural Total** | 100% | 100% | 100% | 100% | 100% |
| Semi Urban | Consumer Loan | 38% | 39% | 20% | 18% | 7% |
| | Others | 21% | 12% | 12% | 11% | 12% |
| | Personal Loan | 41% | 49% | 68% | 71% | 81% |
| | **Semi Urban Total** | 100% | 100% | 100% | 100% | 100% |
| Urban | Consumer Loan | 37% | 36% | 26% | 26% | 16% |
| | Others | 17% | 10% | 12% | 10% | 10% |
| | Personal Loan | 46% | 54% | 62% | 64% | 74% |
| | **Urban Total** | 100% | 100% | 100% | 100% | 100% |

>> જ્યારે ઘણા ફિન્ટેક્સે ઇ-કૉમર્સ દ્વારા નવા સેગ્મેન્ટ્સને નાની ટિકિટ કન્ઝ્યુમર લોન્સ આપીને પ્રારંભ કર્યો, આ  ક્ષેત્રનો વિકાસ થયો છે અને 2019 માં વ્યક્તિગત લોન્સ માં અસાધારણ ઉછાળો જોવા મળ્યો છે જે વિવિધ પ્રકારની ખરીદ જરૂરિયાતો માટે વિસ્તાર માં વધુ કસ્ટમાઇઝ થયેલ છે.

>> નાની ટિકિટ કદ અને ટૂંકી મુદત સાથે ડિસેમ્બર 19 ના રોજ વ્યક્તિગત લોન્સ તમામ લોનની કુલ સંખ્યાના 70% કરતા વધુ હિસ્સો ધરાવે છે, ફીનટેક ક્ષેત્રમાં વધુને વધુ ખેલાડીઓ ના પ્રવેશ સાથે આ પ્રોડક્ટ વધુ પ્રસાર માટે તૈયાર છે.

# ભૌગોલિક 90+ ડીલીન્ક્વંસી

| Personal Loan | | | | |
|---|---|---|---|---|
| Top States | 90+ Delinquency % (No. of Loans) | | 90+ Delinquency % (POS) | |
| | Fintech | State Delinquency | Fintech | State Delinquency |
| Karnataka | 6.10% | 1.88% | 6.30% | 0.68% |
| Maharashtra | 7.41% | 2.24% | 6.22% | 1.14% |
| Telangana | 6.30% | 1.83% | 6.50% | 0.63% |
| Tamil Nadu | 6.23% | 1.46% | 5.66% | 0.62% |
| Andhra Pradesh | 5.92% | 1.49% | 4.82% | 0.49% |


| Consumer Loan | | | | |
|---|---|---|---|---|
| Top States | 90+ Delinquency % (No. of Loans) | | 90+ Delinquency % (POS) | |
| | Fintech | State Delinquency | Fintech | State Delinquency |
| Karnataka | 12.64% | 2.19% | 30.67% | 2.94% |
| Maharashtra | 12.90% | 1.75% | 29.89% | 2.86% |
| Telangana | 10.15% | 1.57% | 25.84% | 2.52% |
| Tamil Nadu | 11.65% | 1.66% | 24.45% | 2.92% |
| Andhra Pradesh | 7.96% | 1.06% | 14.90% | 1.72% |

| Business Loan - General | | | | |
|---|---|---|---|---|
| Top States | 90+ Delinquency % (No. of Loans) | | 90+ Delinquency % (POS) | |
| | Fintech | State Delinquency | Fintech | State Delinquency |
| Karnataka | 3.45% | 5.71% | 2.32% | 4.85% |
| Maharashtra | 4.77% | 3.53% | 3.66% | 5.28% |
| Telangana | 3.37% | 3.78% | 1.98% | 5.17% |
| Tamil Nadu | 4.01% | 2.98% | 2.25% | 5.38% |
| Andhra Pradesh | 2.10% | 4.52% | 0.75% | 7.47% |

>> વ્યવસાય લોન્સ ની તુલના માં વ્યક્તિગત અને કન્ઝ્યુમર લોન્સના ફીનટેક ડીલીન્ક્વંસી દરો ઊંચા છે.

>> ઉંચી ડીલીન્ક્વંસી એ ઓછી કિંમતના ડિજિટલ પ્લેટફોર્મ નો ઉપયોગ કરીને બજારના ક્રેડિટ સેગમેન્ટમાં સબપ્રાઇમ / પ્રાઈમ / પ્રદાન માં ફીનટેકસ દ્વારા લેવાતા ઉચ્ચ જોખમનું પરિબળ હોઈ શકે છે.

# ઝડપી મોર્ટલિટી દરો





>> ફીનટેક પોર્ટફોલિયોમાં પર્સનલ લોનનો સૌથી વધુ હિસ્સો હોવા છતાં, કન્ઝ્યુમર ડ્યુરેબલ અને વ્યવસાય લોન (સામાન્ય) ની તુલનામાં તે ખુબ નીચો ડીલીન્ક્વંસી દર (વોલ્યુમ દ્વારા) અનુભવે છે.

*ડીપીડી ડિસ્ટ્રિબ્યુશન-31 ડિસેમ્બર 2019 ના રોજ*
*1 વર્ષ પહેલા/ આપેલ લોન: 1 ડિસેમ્બર 2018-31 ડિસેમ્બર 2018*

# ભૌગોલિક ઝાંખી



# બોરોવર એજ પ્રોફાઇલિંગ






>> વોલ્યુમ ની દ્રષ્ટિ એ 28 વર્ષની વય સુધીના મિલેનિયલ્સ લોન્સના 51% અને મૂલ્ય ની દ્રષ્ટિ એ 19% હિસ્સો ધરાવે છે.

>> 39-55 + ની વય ના સેગમેન્ટ ની સામે 18-28 વર્ષના સેગમેન્ટમાં ઓછા ATS જોવામાં આવે છે.

*લોન વિતરણ કરવાના સમયે વય ગણવામાં આવી છે*

# ફીનટેક માં વય વર્ગીકરણ
## વિસ્તારમાં માં વય * વર્ગીકરણ





>> ફિનટેક્સે 28 વર્ષની વય સુધીના મિલેનિયલ્સ લોકોને 51% લોન આપી હતી જેમાંથી 79% શહેરી અને અર્ધ શહેરી વિસ્તારો પર આધારિત હતી.

>> ખાસ કરીને શહેરી અને અર્ધ શહેરી મિલેનિયલ્સ દ્વારા સામૂહિક રીતે ફીનટેકસ ની સ્વીકૃત્તી એ ફીનટેકસ દ્વારા ઓફર કરેલ સરળ વપરાશકર્તા અનુભવ અને વિવિધ ઉત્પાદને આભારી હોઈ શકે છે.

>> વય જૂથોમાં શહેરી અને અર્ધ શહેરી વિસ્તારો ની તુલનામાં ગ્રામીણ પ્રવેશ પાછળ રહી જાય છે.

** ઉંમરની ગણતરી લોનના સોર્સિંગ સમયે કરવામાં આવે છે*

# ઉત્પાદનો અને ટિકિટ કદ
## વય બેન્ડ દ્વારા વિતરણ





>> વિવિધ ટિકિટ કદમાં 70% થી વધુ હિસ્સા સાથે તમામ વયના વર્ગોમાં `50,000 ની નીચેની વ્યક્તિગત લોન ની મહત્તમ માંગ જોવા મળી હતી

>> ફીનટેકસ દ્વારા અનુકૂળ લોન વિકલ્પોને કારણે ટ્રાવેલ્સ, લગ્ન, ઇલેક્ટ્રિક ઉપકરણો, વ્યક્તિગત લોન્સ માટેના વિવિધ લોન ઉત્પાદનોએ મીલેનીયાલ્સ દ્વારા વિવેકપૂર્ણ ખર્ચને ઇંધણ પૂરું પાડ્યું છે.

->> 18-28 વય જૂથ માટેની કુલ લોન્સમાં વ્યક્તિગત લોન નો 93% હિસ્સો છે.

** ઉંમરની ગણતરી લોનના સોર્સિંગ સમયે કરવામાં આવે છે*

# ઉત્પાદનો અને ટિકિટ કદ
## વય બેન્ડ દ્વારા વિતરણ






| Age* Band | Top Products | 0-50,000 | 50,000-1,00,000 | 1,00,000-2,00,000 | >2,00,000 |
|---|---|---|---|---|---|
| **18-28 Years** | Business Loan–General | 0% | 3% | 8% | 25% |
| | Consumer Loan | 3% | 35% | 24% | 32% |
| | Others | 2% | 19% | 26% | 25% |
| | **Personal Loan** | 95% | 44% | 41% | 19% |
| **29-38 Years** | Business Loan–General | 0% | 4% | 9% | 39% |
| | Consumer Loan | 5% | 13% | 11% | 13% |
| | Others | 4% | 26% | 31% | 26% |
| | **Personal Loan** | 91% | 57% | 49% | 23% |
| **39-55+ Years** | Business Loan–General | 1% | 2% | 6% | 43% |
| | Consumer Loan | 16% | 50% | 30% | 4% |
| | Others | 12% | 24% | 39% | 34% |
| | **Personal Loan** | 71% | 25% | 26% | 19% |

>> અન્ય ઉત્પાદનો થી વ્યવસાય લોનો ખુબ આગળ છે, 39% થી 55+ વચ્ચેના વય જૂથ માં વિતરિત રકમના 43% જેટલા 2 લાખથી વધુની વ્યાપાર લોન માટે છે, ત્યારબાદ 31% 29-38 વર્ષ જૂથ માં છે.

** ઉંમરની ગણતરી લોનના સોર્સિંગ સમયે કરવામાં આવે છે*

# વધતી ઉંમર દ્વારા ડીલીન્ક્વંસી વલણો




>> 18-23 ની વચ્ચે ના  વય જૂથ માટે સૌથી વધુ ડીલીન્ક્વંસી દર છે, જે ઇચ્છિત ધિરાણ વર્તણૂકની દ્રષ્ટિએ ઓછી આવક અને જાગૃતિ ને આભારી હોઈ શકે.

>>  વધતી ઉંમર સાથે ડીલીન્ક્વંસી દરોમાં ઘટાડો થયો છે; જો કે, 4% થી ઉપરના ડીલીન્ક્વંસી દરો પર ધ્યાન થી દેખરેખ રાખવી જરૂરી છે.

>> વ્યવસાયની સદ્ધરતાને સુનિશ્ચિત કરવા માટે, જોખમ અને સંગ્રહને સંચાલિત કરવા ફીનટેકસે ટકાઉ અભિગમ સાથે સારી લોન બુક બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની  જરૂર છે.

** 31 ડિસેમ્બર 2019 ના રોજ વયની ગણતરી*

# સંક્ષિપ્તો અને શબ્દસૂચિ

- ATS એટીએસ (સરેરાશ ટિકિટ કદ) = વહેંચાયેલ રકમ / લોનની સંખ્યા
- ડીપીડી = ડીપીડી (Days Past Due)
- લાઇવ પીઓએસ અથવા સક્રિય લોન = 0 થી 179 ડીપીડી + નવા એકાઉન્ટ્સ + કરન્ટ એકાઉન્ટ્સ 
- પીઓએસ = પોર્ટફોલિયો બાકી
- + 90+ ડેલિક્વન્સી = 90-179 ડીપીડી / લાઇવ POS
- આરઓઆઈ = બાકીના ઉદ્યોગ
- OND'18 = ઓક્ટોબર 2018 થી ડિસેમ્બર 2018
- JFM'19 = જાન્યુઆરી 2019 થી માર્ચ 2019
- AMJ'19 = એપ્રિલ 2019 થી જૂન 2019
- JAS'19 = જુલાઈ 2019 થી સપ્ટેમ્બર 2019
- OND'19 = ઓક્ટોબર 2019 થી ડિસેમ્બર 2019
- આ ડેટા ડિસેમ્બર 2018 સુધી  પ્રસ્તુત થયેલ ~ 20 ફીનટેક સંસ્થાઓના રીટર્ન્સ ને  આવરે છે.રજૂઆત મુજબ ડિસેમ્બર 2019 ના અંતે આ સંખ્યા ~ 39 ફીનટેક સંસ્થાઓ ની નજીક છે

## SIDBI વિશે

સંસદના અધિનિયમ હેઠળ 1990 માં સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેન્ક ઓફ ઇન્ડિયાની (સીડબી) સ્થાપના કરવામાં આવી છે. સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઇ ક્ષેત્ર) ના પ્રમોશન, ધિરાણ અને વિકાસના ત્રિવિધ કાર્યસૂચિને અમલમાં મૂકવા માટે તથા સમાન પ્રવૃત્તિઓમાં રોકાયેલી વિવિધ સંસ્થાઓના કાર્યોના સંકલન માટે સીડબી ને મુખ્ય નાણાકીય સંસ્થા તરીકે ફરજ બજાવવા માટે હવાલો અપાયો છે. તેના વિવિધ નાણાંકીય અને વિકાસલક્ષી પગલાં દ્વારા વર્ષોથી આ બેંકે સોસાયટી ના વિવિધ સ્તરે લોકોના જીવનને સ્પર્શ્યું છે, સમગ્ર એમએસએમઇ સ્પેક્ટ્રમ ના સાહસોને અસર કરી છે અને એમએસએમઇ ઇકોસિસ્ટમમાં ઘણી વિશ્વસનીય સંસ્થાઓ સાથે સંકળાયેલી છે.

એમએસએમઇ ક્ષેત્ર માં માહિતી અસમપ્રમાણતાને ધ્યાનમાં લેવા સીડબી વિઝન 2.0 હેઠળ ફીનટેક પલ્સ સિવાય માઇક્રોફાઇનાન્સ ક્ષેત્રની ડેટા આંતરદ્રષ્ટિ માટે માઇક્રોફાઇનાન્સ પલ્સ અને એમએસઇ દ્રષ્ટિકોણ તથા આકાંક્ષા ને જાણવા માટે CriSidEx, એમએસએમઇ પલ્સ કે જે એમએસએમઇ હેલ્થ ટ્રેકર, જેવી  વિવિધ પહેલ કરી છે.

## Equifax વિશે

ઇક્વિફેક્સ એક વૈશ્વિક માહિતી નિરાકરણ કંપની છે જે માહિતી નાં આંતરદૃષ્ટિમાં પરિવર્તન દ્વારા વિશ્વભરની સંસ્થાઓ અને વ્યક્તિઓને સક્ષમ કરવા માટે વિશ્વસનીય વિશિષ્ટ ડેટા, નવીન વિશ્લેષણો, તકનીકી અને ઉદ્યોગ કુશળતાનો ઉપયોગ કરે છે, જે વધુ જાણકાર વ્યવસાય અને વ્યક્તિગત નિર્ણયો લેવામાં મદદ કરે છે.

Atlanta Ga માં મુખ્ય મથક ધરાવતું ઇક્વિફેક્સ મધ્ય અને દક્ષિણ અમેરિકા, યુરોપ અને એશિયા પેસિફિક ક્ષેત્ર, ઉત્તર અમેરિકાના 24 દેશોમાં કાર્ય કરે છે અથવા રોકાણ કરે છે. તે સ્ટાન્ડર્ડ અને પુઅર (S&P) 500® ઇન્ડેક્ષ ના સભ્ય છે અને EFX પ્રતીક હેઠળ ન્યૂ યોર્ક સ્ટોક એક્સચેંજ (NYSE) પર તેના પ્રવર્તમાન સ્ટોકનું વેચાણ થાય છે. ઇક્વિફેક્સ વિશ્વભરમાં 11,000 કર્મચારીઓને રોજગારી આપે છે. ક્રેડિટ ઉદ્યોગમાં 120 વર્ષથી વધુના વૈશ્વિક વારસા સાથે 2010 માં ભારતના બજારમાં ઇક્વિફેક્સે તેની હાજરી સ્થાપિત કરી હતી અને તેને આરબીઆઈ દ્વારા સીઆઈસી તરીકે કામ કરવા માટે લાઇસન્સ અપાયું હતું. છેલ્લા 9 થી વધારે વર્ષમાં ક્રેડિટ બ્યુરોના સભ્યોમાં 4000+ વધારો થયો છે જેમાં બેંકો, એનબીએફસી, એમએફઆઇ અને વીમાદાતાઓનો સમાવેશ થાય છે. આ સભ્યો કરોડો ભારતીય ગ્રાહકો ની વસ્તી વિષયક અને ચુકવણીની માહિતી પ્રદાન કરે છે. 2014 માં ઇક્વિફેક્સે એનાલિટિક્સ ફર્મના અધિગ્રહણ દ્વારા ભારતમાં તેના પદચિન્હ માં વધુ ઉમેરો કર્યો. ઇક્વિફેક્સ એનાલિટિક્સ પ્રા. લિમિટેડ એ ભારતમાં ઇક્વિફેક્સની સંપૂર્ણ માલિકીની વિશ્લેષણાત્મક સંસ્થા છે જે અપ્રતિમ કસ્ટમાઇઝ્ડ એનાલિટિક્સ ઉકેલો આપે છે જે ઉદ્યોગોની કામગીરી અને ગ્રાહકોના જીવન, બંનેને સમૃદ્ધ બનાવે છે.


**અસ્વીકૃતિ**

ફીનટેક પલ્સ (અહેવાલ) ઇક્વિફેક્સ ક્રેડિટ ઇન્ફર્મેશન સર્વિસીસ પ્રા.લિ. (ઇક્વિફેક્સ) દ્વારા તૈયાર કરાયેલ છે. અહેવાલ ને એક્સેસ કરીને અને ઉપયોગ કરીને વપરાશકર્તા સ્વીકારે છે અને કબૂલે છે કે આવો ઉપયોગ આ અસ્વીકૃતિ ને આધિન છે. આ અહેવાલ ઇક્વિફેક્ષના સભ્યો અને સંસ્થાઓ દ્વારા ડિસેમ્બર 2019 સુધી બ્યુરોને સબમિટ કરવામાં આવેલી માહિતી ના સંગ્રહ પર આધારીત છે. જ્યારે ઇક્વિફેક્સ રિપોર્ટ તૈયાર કરવામાં વ્યાજબી કાળજી લે છે, સંસ્થાઓ દ્વારા સબમિટ

કરાયેલ અચોક્કસ અથવા અપૂરતી માહિતીને કારણે થતી ભૂલો અને / અથવા વર્જન (omiission) અથવા ચોકસાઈ માટે જવાબદાર રહેશે નહીં. વધુમાં, કોઈપણ વિશિષ્ટ હેતુ માટે તેની યોગ્યતા અને / અથવા રિપોર્ટ માંની માહિતીની પૂરતી અથવા સંપૂર્ણતા ની બાંયધરી ઇક્વિફેક્સ નથી કરતી અથવા રિપોર્ટ પરની કોઈપણ એક્સેસ અથવા નિર્ભરતા માટે ઇક્વિફેક્સ જવાબદાર નથી અને ઇક્વિફેક્સ આવી બધી જવાબદારીનો સ્પષ્ટપણે અસ્વીકાર કરે છે. આ અહેવાલ ઇક્વિફેક્ષ દ્વારા કોઈપણ આવેદન, ઉત્પાદન ના સ્વીકાર અથવા ઇનકાર / અસ્વીકાર માટે ની ભલામણ નથી,  અથવા (i) ધિરાણ આપવું કે ન આપવું અને  (ii)) કોઈપણ સંબંધિત વ્યક્તિગત / એન્ટિટી સાથે નાણાંકીય વ્યવહાર કરવો કે નહિ  તે માટેની ઇક્વિફેક્ષ દ્વારા ભલામણ નથી. અહેવાલમાં સમાવિષ્ટ માહિતી સલાહની રચના કરતી નથી અને આ અહેવાલમાં સમાયેલ માહિતીના આધારે કોઈ નિર્ણય લેતા પહેલા વપરાશકર્તા એ તેના વિવેકી અભિપ્રાય મુજબ ના તમામ જરૂરી વિશ્લેષણ હાથ ધરવા જોઈએ. અહેવાલમાં રજૂ થયેલ તમામ વિશ્લેષણ નમૂનાઓ પર આધારિત છે. રિપોર્ટનો ઉપયોગ ક્રેડિટ ઇન્ફર્મેશન કંપનીઝ (રેગ્યુલેશન) એક્ટ 2005, ક્રેડિટ ઇન્ફર્મેશન કંપનીઓ જોગવાઈઓ રેગ્યુલેશન્સ, 2006, ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઓ નિયમો, 2006 દ્વારા સંચાલિત છે. પૂર્વ મંજૂરી વિના આ રિપોર્ટના કોઈપણ ભાગની કોપી, પરિભ્રમણ  પ્રકાશિત થઇ શકશે નહિ..

**CONTACT DETAILS**

ઇક્વિફેક્સ ક્રેડિટ ઇન્ફોર્મેશન સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ
યુનિટ નંબર 931, ત્રીજો માળ, બિલ્ડીંગ નં . 9,
સોલિટેર કોર્પોરેટ પાર્ક,
અંધેરી - ઘાટકોપર લિન્ક રોડ, અંધેરી ઈસ્ટ,
મુંબઈ - 400 093
ટોલ ફ્રી નંબર: 1800 2093247
ecissupport@equifax.com

સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઇન્ડિયા
સ્વાવલંબન ભવન, પ્લોટ નંબર સી -11, 'જી' બ્લોક,
બાંદ્રા કુર્લા સંકુલ, બાંદ્રા (પૂર્વ),
મુંબઈ - 400051
મહારાષ્ટ્ર
ટોલ ફ્રી નંબર: 1800 22 6753
www.sidbi.in/en

Copyright © 2019, Equifax Inc., Atlanta, Georgia. All rights reserved. Equifax is a registered trademarks of Equifax Inc.